# સત્યતાનો પ્રકાશ

કીતાબોમાં કોઇ પણ ભુલ દેખાય તો જાણ કરવા વીનંતી

hajinajitrust@yahoo.com

# બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

તમામ મુસલમાનો માટે એ જાણવું જરૂરી છે કે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના ઈન્તેકાલ પછી હુકૂમત, ખિલાફત અને ઉમ્મતે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના જીગરના ટુકડા જનાબે ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલય્હા) સાથે કેવો વર્તાવ કર્યો કારણ કે ઈસ્લામના બધા ફિરકાઓની નજરમાં જનાબે ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલય્હા)નો એક મહાન મરતબો છે.

તેથી હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની વફાત પછી રહેબરીની ઓળખાણ માટે આ બે બાબતનો ખુલાસો ઘણો મહત્વપૂર્ણ છે.

➔ જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલયહા)ની નારાજગી અલ્લાહની નારાજગી છે અને આપ ખિલાફતથી નારાજ હતા.

➔ જે ખિલાફતથી જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલયહા) નારાજ હોય. તે ખિલાફત કેવી હોય શકે છે ?

## એક

ઈમામ બુખારીએ પોતાની કિતાબ 'સહીહ બુખારી' ભાગ-૫, પેજ-૯૬ માં હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ)થી આ હદીસ નકલ કરેલ છે.

فَاطِمَةُ سَيِّدَةُ نِسَاءِ أَهْلِ الْجَنَّةِ

**“(જનાબે) ફાતેમા (સલામુલ્લાહે અલયહા) જન્નતની ઔરતોના સરદાર છે.”**

આ હદીસથી સ્પષ્ટ થાય છે કે જનાબે ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલયહા) કાએનાતની બધીજ સ્ત્રીઓના સરદાર છે કારણકે જન્નતની સ્ત્રીઓ કાએનાતની તમામ સ્ત્રીઓ કરતાં શ્રેષ્ઠ છે. આ ચૂંટાયેલ અને શ્રેષ્ઠ સ્ત્રીઓના સરદાર જનાબે ઝેહરા (સલામુલ્લાહે અલયહા) છે. એટલે કે તે સર્વશ્રેષ્ઠ અને સર્વોત્તમ છે.

આ હદીસમાં કોઈપણ ઔરતને બાકાત રાખવામાં નથી આવી. તેથી જનાબે ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલયહા) જ.આસીયા, જ.ખદીજા, જ.મરિયમ.... દરેકથી અફઝલ અને બરતર છે. કારણ કે તે તમામ ઔરતો જન્નતમાં હશે અને તેઓ જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલયહા)ની સરદારીમાં હશે.

وَاِذْ قَالَتِ الْمَلٰٓئِكَةُ يٰمَرْيَمُ اِنَّ اللّٰهَ اصْطَفٰىكِ وَطَهَّرَكِ وَاصْطَفٰىكِ عَلٰى نِسَآءِ الْعٰلَمِيْنَ

**"તે વખતને યાદ કરો જ્યારે ફરિશ્તાઓ એ જ.મરિયમને કહ્યું બેશક અલ્લાહે તમને મુન્તખબ કર્યા છે અને પાકો પાકીઝા બનાવ્યા છે અને દુનિયાની તમામ ઔરતો ઉપર તમને પસંદ કર્યા છે."**

**- સૂરએ આલે ઈમરાન, આયત નં. ૪૨**

**જ.મરિયમ જેવી પાકો પાકીઝા અને દુનિયાની તમામ ઔરતોમાંથી ચૂંટાયેલ ખાતુન ઉપર**

જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ની ફઝીલત અને સરદારી એ બતાવે છે કે તેમનો દરજ્જો કેટલો બુલંદ અને મહાન છે.

એહલે સુન્નતના મહાન મોહક્કીક જ. આલૂસીએ પોતાની તફસીર 'રૂહુલ મઆની'માં ભાગ-૨૦, પેજ-૧૫૫ ઉપર આ વાત લખી છે જનાબે ઝેહરા (સલામુલ્લાહે અલય્હા) જ.મરિયમથી અફઝલ અને બરતર છે. કુરઆનથી એ વાત સાબિત છે જ.મરિયમ કાએનાતની ઔરતોના સરદાર છે અને જનાબે ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલય્હા) તેમના પણ સરદાર છે. સહીહ બુખારીની હદીસ પણ આ બાબત તરફ ઈશારો કરે છે.

ઈમામ બુખારી પોતાની કિતાબ 'બુખારી શરીફ'માં ભાગ-૫, પેજ-૯૬ ઉપર જનાબે ફાતેમા

ઝેહરા (સલામુલ્લાહે અલય્હા)ની મનકબતમાં આ હદીસ વર્ણવે છે.

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું:

فَاطِمَةُ بَضْعَةٌ مِنِّي فَمَنْ أَغْضَبَهَا أَغْضَبَنِي

"ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) મારા (જીગર)નો ટુકડો છે. જેણે તેમને નારાજ કર્યા, તેણે મને નારાજ કર્યો."

આ હદીસમાં જનાબે ઝેહરા (સલામુલ્લાહે અલય્હા)ને હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નો એક ભાગ ગણવામાં આવ્યો છે. તેમની નારાજગીને હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો

અલય્હે વ આલેહી વસલ્લમ)ની નારાજગી ગણી છે. અને આ બાબત ઉપર ધ્યાન આપવાથી ખબર પડે છે કે જનાબે ઝેહરા (સલામુલ્લાહે અલય્હા)ની નારાજગી બીજી ઔરતોની નારાજગીની જેમ નથી. કારણ કે તેમની નારાજગીનો સંબંધ વહી અને અક્કલની સાથે છે. તેથી જ તેમની નારાજગી અલ્લાહની નારાજગી અને ગઝબનું કારણ છે જે બાબતથી હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) નારાજ હોય તે બાબતથી ખુદા પણ જરૂર નારાજ થશે અને ખુદાની નારાજગીનો અંજામ તબાહી અને બરબાદી છે. જેમકે અલ્લાહ કુરઆને શરીફમાં ફરમાવે છે.

وَمَنۡ يَّحۡلِلۡ عَلَيۡهِ غَضَبِىۡ فَقَدۡ هَوٰى

"જેના ઉપર મારો ગઝબ નાઝિલ થયો

તે હલાક અને બરબાદ થઈ ગયો.”

- સૂરએ તાહા, આયત નં. ૮૧

જનાબે ઝેહરા (સલામુલ્લાહે અલય્હા)ની નારાજગી હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની નારાજગી અને હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની નારાજગી હલાકત અને બરબાદીનું કારણ છે.

હવે આ લખાણ ઉપર ધ્યાન આપો જે સહીહ બુખારી, મુસ્લિમ અને એહમદ બીન હમ્બલમાં નોંધવામાં આવી છે.

સહીહ બુખારી ભાગ-૫, પેજ-૨૫૨ ઉપર આ પ્રમાણે નકલ કરેલ છે.

أَنَّ فَاطِمَةَ بِنْتَ النَّبِيَّ ﷺ
أَرْسَلَتْ إِلَى أَبِي بَكْرٍ تَسْأَلُهُ
مِيرَاثَهَا مِنْ رَسُولِ اللهِ ﷺ
مِمَّا أَفَاءَ اللهُ عَلَيْهِ بِالْمَدِينَةِ وَ
فَدَكَ وَ مَا بَقِيَ مِنْ خُمُسِ خَيْبَرَ.
فَقَالَ أَبُو بَكْرٍ إِنَّ رَسُولَ اللهِ
ﷺ قَالَ لَا نُورِّثُ مَا تَرَكْنَاهُ

صَدَقَةً ... فَأَبَىٰ أَبُو بَكْرٍ أَنْ

يَدْفَعَ إِلَىٰ فَاطِمَةَ شَيْأً . فَوَجَدَتْ

فَاطِمَةُ عَلٰي أَبِيْ بَكْرٍ فِيْ ذٰلِكَ ،

فَهَجَرَتْهُ فَلَمْ تُكَلِّمْهُ حَتّٰي

تُوُفِّيَتْ ، وَ عَاشَتْ بَعْدَ النَّبِيِّ

سِتَّةَ أَشْهُرٍ فَلَمَّا تُوُفِّيَتْ

دَفَنَهَا زَوْجُهَا عَلِيٌّ لَيْلًا وَ لَمْ

يُؤْذِنُ بِهَا أَبَا بَكْرٍ ، وَصَلَّى عَلَيْهَا ...

હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના દીકરી જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) એ હ. અબુબક્ર પાસે વારસો લેવા માટે મોકલ્યા એ વારસો જે મદીનાની ગનીમત, ફદક અને ખુમ્સનો બાકી રહેલ ભાગથી સંબંધીત હતો તેના ઉપર હ. અબુબક્રએ કહ્યું કે રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ ફરમાવ્યું હતું કે:

અમો કાંઈ વારસા તરીકે છોડતા નથી, જે કાંઈ મૂકી જઈએ તે સદકો છે. (બધા માટે છે) હ. અબુબક્રએ કાંઈપણ દેવાની ના પાડી દીધી જેથી

જનાબે ઝેહરા (સલામુલ્લાહે અલયહા) હ. અબુબક્રથી નારાજ થઈ ગયા અને જિંદગીભર તેનાથી વાત ન કરી હતી. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ)ની વફાત પછી છ મહિના હયાત રહ્યા. જ્યારે તેઓ ઈન્તેકાલ કરી ગયા ત્યારે તેમના શૌહર હઝરત અલી (અલયહિસ્સલામ)એ તેમને દફન કર્યા અને હ. અબુબક્રને આ બાબતનાં સમાચાર ન આપ્યા અને આપેજ નમાઝે જનાઝા પઢાવી.

- (કિતાબ સહીહ બુખારી,
કિતાબ મગાઝી બાબે ગઝવએ ખયબર,
મતબૂએ દારૂલ કલમ બૈરૂત, હિ.સ.૧૪૦૭)

**આ વાક્યો અમુક ફેરફાર સાથે નીચેની કિતાબોમાં મૌજૂદ છે.**

⇒ કિતાબે જેહાદ વ સૈયર બાબે કવ્લે નબી:

“લા નોવરરેસો મા તરકના સદકતન”

(ભાગ-૪, પેજ-૨૯, મતબૂએ મોઅસસએ ઈજ્જુદીન, હિ.સ.૧૪૦૭)

**⇒ મુસ્નદે એહમદ ઈબ્ને હમ્બલ :**

(ભાગ-૧, પેજ-૯, મતબૂએ દારૂસ્સાદીર બૈરૂત)

**⇒ તબકાતે ઈબ્ને સઅદ :**

(ભાગ-૨, પેજ-૩૧૫, મતબૂએ દારૂસ્સાદીર બૈરૂત, હિ.સ.૧૪૦૫)

**⇒ તારીખે તબરી :**

(ભાગ-૨, પેજ-૨૩૬, મતબૂએ દારૂલ કતુબુલ ઈલ્મીયા, હિ.સ.૧૪૦૮)

**સહીહ બુખારી અને બીજી કીતાબોના લખાણથી આ બાબત સાબિત છે કે હ. અબુબક્રએ જનાબે ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલયહા)ને નારાજ કર્યા.**

**પયગમ્બર અકરમ (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ)ની એક હદીસ "અમે અંબિયા કોઈને પોતાના વારીસ નથી બનાવતા." * નો સહારો લઈ તેમને તેમના હકથી મહેરૂમ કરી દીધા.**

શું આ યોગ્ય છે કે હઝરત અલી (અલય્હિસ્સલામ) અને જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) જેઓ રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની સૌથી વધુ નજદીક હતા તેઓથી સંબંધીત વાત હતી છતાંપણ તેઓને આ બાબતે કોઈ જાણકારી ન હતી.

---

* આ હદીસ શિઆ અકીદા મુજબ ઘડી કાઢેલ છે.

---

જ્યારે કે બધાજ શિઆ અને સુન્ની એકમત છે કે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ પોતાના તમામ કામો માટે હઝરત અલી (અલય્હિસ્સલામ)ને પોતાના વસી બનાવેલા હતા.

શું આ શકય છે કે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ હઝરત અલી (અલય્હિસ્સલામ)ને પોતાના વસી બનાવ્યા

હોય અને વારસાનો આટલો જરૂરી મસઅલો જણાવ્યો ન હોય.

શું રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ હઝરત અલી (અલય્હિસ્સલામ)ને પોતાના ઈલ્મના શહેરનો દરવાજા કહી સંબોધન કર્યુ ન હતું ? આ હદીસોની ભરોસાપાત્ર કિતાબોમાં મૌજૂદ છે.

اَنَا مَدِيْنَةُ الْعِلْمِ وَ عَلِيٌّ بَابُهَا

"હું ઈલ્મનું શહેર છું અને અલી (અલય્હિસ્સલામ) તેના દરવાજા છે."

- અસદુલ ગાબા, ભાગ-૪, પેજ-૨૨, દારો અહ્યાએ તોરાસુલ અરબી બૈરૂત

શું હદીસે સકલૈન જેને શિઆ અને સુન્ની બંનેએ નકલ કરી છે. હઝરત અલી (અલય્હિસ્સલામ)ને કુરઆનની બરાબર નથી

ગણાવવામાં આવ્યા ? આ હદીસ પ્રમાણે હઝરત અલી (અલયહિસ્સલામ) કુરઆનની તમામ વાતો જાણે છે. પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની કોઈપણ હદીસ કુરઆનની વિરૂધ્ધમાં નથી હોતી. આ દલીલને ઈબ્ને સઅદે તબકાતમાં આ રીતે બયાન કરી છે.

قَالَ جَاءَتْ فَاطِمَةُ إِلٰى اَبِي بَكْرٍ
تَطْلُبُ مِيْرَاثَهَا وَ جَاءَ عَبَّاسُ
بْنُ عَبْدِ الْمُطَّلِبِ يَطْلُبُ مِيْرَا
ثُهٗ وَجَاءَ مَعَهُمَا عَلِيٌّ عَلَيْهِ السَّلَام
فَقَالَ اَبُوْ بَكْرٍ قَالَ رَسُوْلُ اللّٰهِ

صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَا نُوْرِثُ ، مَا تَرَكْنَا صَدَقَةً

فَقَالَ عَلِيٌّ : وَ وَرِثَ سُلَيْمَانُ دَاوُدَ

وَ قَالَ زَكَرِيَّا يَرِثُنِیْ وَ يَرِثُ مِنْ

آلِ يَعْقُوْبَ قَالَ اَبُوْ بَكْرٍ هُوَ

هٰكَذَا فَقَالَ عَلِيٌّ هٰذَا كِتَابُ

اللّٰهِ يَنْطِقُ ...

હઝરતે ફાતેમા (સલામુલ્લાહે અલયહા) વારસો લેવા માટે અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલીબ સાથે હ. અબુબક્ર પાસે આવ્યા હઝરત અલી (અલયહિસ્સલામ) પણ તેમની સાથે હતા હ. અબુબક્ર

એ કહ્યું હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું 'અમે કોઈ વારસો નથી મૂકતા જે કાંઈપણ મૂકી જઈએ તે સદકો છે.'

આ બાબતે હઝરત અલી (અલય્હિસ્સલામ)એ કુરઆને શરીફની આ આયત પેશ કરી.

"જનાબે સુલૈમાન દાઉદના વારિસ હતા."

- સૂરએ નમ્લ, આયત નં. ૧૬

હઝરતે ઝકરીયા (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું :
"મને એક ફરઝંદ અતા કર જે આલે યાકૂબનો વારિસ બને."

- સૂરએ મરિયમ, આયત નં. ૬

હઝરત અલી (અલય્હિસ્સલામ)એ ફરમાવ્યું :
આ અલ્લાહની કિતાબ એકદમ સ્પષ્ટ શબ્દોમાં (અંબિયાના વારસાનું) બયાન કરે છે.

હઝરત અલી (અલય્હિસ્સલામ) એ રોશન કરી દીધું કે કુરઆને કરીમની આયતોમાં અંબિયાના

વારસાનો ઝિક્ર છે. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ)ની કોઈપણ હદીસ કુરઆનની વિરૂધ્ધ ન હોઈ શકે. ઉપરોકત (આગળના પેજની) હદીસ સંપૂર્ણ રીતે કુરઆને શરીફની વિરૂધ્ધમાં છે.

ઉપરાંત જનાબે ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલયહા) જન્નતની તમામ ઔરતોના સરદાર છે.

અગર હ. અબુબક્ર રસૂલેખુદા (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ)ના સાચા જાનશીન હોત તો જનાબે ઝેહરા (સલામુલ્લાહે અલયહા) 'ખલીફ-એ-બરહક'થી નારાજ ન થાત, ખાસ કરીને જ્યારે હ. અબુબક્ર વારસો ન આપવા બાબતે પયગમ્બર (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ)ની એક હદીસ* નો સહારો લીધો હોય.

બુખારીની રિવાયત પ્રમાણે જનાબે ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલયહા)ની નારાજગી

રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની નારાજગી છે. શું જે ઈન્સાનથી અલ્લાહ અને તેનાં રસૂલ નારાજ હોય, તે રસૂલનો જાનશીન થઈ શકે છે ?

દરેક મુસલમાન દરરોજ ઓછામાં ઓછું દસ વખત ખુદાની બારગાહમાં આ દુઆ માંગે છે.

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ﴿٦﴾ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۵ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ﴿٦﴾

* આ હદીસ શિઆ અકીદા મુજબ ઘડી કાઢેલ છે.

'અય ખુદા ! તું અમને સીધા રસ્તાની હિદાયત ઉપર કાયમ રાખ. એવા લોકોનો રસ્તો જેના ઉપર તે રહમત નાઝિલ કરી છે, એવા લોકોનો રસ્તો નહીં કે જેના ઉપર તારો ગઝબ નાઝિલ થયો છે અને જેઓ ગુમરાહ થયા છે.'

જ્યારે જનાબે ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલય્હા)નું ગયઝ અને ગઝબ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)નો ગયઝ અને ગઝબ હોય તો શું એ ઈન્સાન ઈમામતનો હકદાર હોઈ શકે છે કે જે ખુદાના ગઝબનો શિકાર થયો હોય ! શું આવા લોકોના રસ્તા ઉપર ચાલવાની દુઆ માંગી શકાય ?

## આ ઉપરાંત

એહલે સુન્નતના આલિમો અને ઈતિહાસકારો જેઓએ જનાબે ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે

અલય્હા) અને ખિલાફતના દરબારનો પ્રસંગ નકલ કર્યો છે, તેઓએ હઝરત અલી (અલય્હિસ્સલામ)ની બયઅતનો પ્રસંગ પણ નકલ કર્યો છે.

ઈબ્ને કોતય્બા દેનરવી પોતાની કિતાબ 'અલ ઈમામત વસ્સીયાસત'માં ભાગ-૧, પેજ-૧૩ ઉપર આ રીતે તે પ્રસંગને નકલ કરે છે. જે લોકોએ હ. અબુબક્રની બયઅત ન કરી હતી તેઓ હઝરત અલી (અલય્હિસ્સલામ)ના ઘરમાં હતા. હ. અબુબક્રએ તેઓને ગિરફતાર કરવા માટે હ. ઉમરને મોકલ્યા. હ. ઉમર ત્યાં આવ્યા અને જે લોકો હઝરત અલી (અલય્હિસ્સલામ)ના ઘરમાં હતા તેઓને બહાર નીકળવા કહ્યું. આ લોકોએ બહાર નીકળવાનો ઈન્કાર કર્યો. હ. ઉમરે લાકડીઓ મંગાવી અને કહ્યું ખુદાની કસમ ! જેના કબ્જામાં હ. ઉમરની જાન છે, બહાર

નીકળો, નહીંતર આ ઘરને ઘરવાળાઓ સાથે સળગાવી નાખીશ.

જવાબ દેવામાં આવ્યો : અબુ હફ્સ (હ. ઉમરની કુન્નીયત) આ ઘરમાં ફાતેમા પણ છે.

(હ. ઉમરે) કહ્યું : ભલે હોય.

હ. ઉમરના સાથીઓ દરવાજા સુધી પહોંચી ગયા અને દરવાજો ખટખટાવા લાગ્યા. જનાબે ઝેહરા (સલામુલ્લાહે અલય્હા)એ આ લોકોની અવાજ સાંભળી અને ઊંચા અવાજે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી ફરિયાદ કરી.

અય બાબા ! અય રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તમારા પછી ઈબ્ને ખત્તાબ અને ઈબ્ને કહાફાએ અમારા ઉપર કેવા ઝુલ્મ કર્યા !

જ્યારે હુમલો કરનારાઓએ જનાબે ઝેહરા (સલામુલ્લાહે અલય્હા)ના રડવાની આવાજ સાંભળી તો તેઓ પણ રડવા લાગ્યા અને પાછા ચાલ્યા ગયા. હ. ઉમર એકલા ત્યાં ઉભા રહ્યા અને અમુક લોકો બાકી રહ્યા. હઝરત અલી (અલય્હિસ્સલામ)ને હ. અબુબક્રની પાસે લઈ ગયા અને કહેવા લાગ્યા કે બયઅત કરો.

- હઝરત અલી (અલય્હિસ્સલામ)એ કહ્યું : અગર બયઅત ન કરૂં તો શું કરશો?

- કહેવા લાગ્યા : ખુદાની કસમ ! જેના સિવાય કોઈ ખુદા નથી. તમારૂં સર કલમ કરી નાખીશું.

- આ હાલતમાં તમે ખુદાના બંદા અને હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના ભાઈને કત્લ કરશો.

- ખુદાના બંદા તો બરોબર પણ રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના ભાઈ નહીં.

આ સમયે હ. અબુબક્ર ખામોશ હતા. હ. ઉમરે કહ્યું : હઝરત અલી (અલય્હિસ્સલામ) બાબતે તમારો હુકમ બયાન કરો.

હ. અબુબક્રએ કહ્યું : જ્યાં સુધી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) તેમની પાસે છે ત્યાં સુધી કોઈ જબરજસ્તી નહીં કરૂં.

આ સમયે હઝરત અલી (અલય્હિસ્સલામ)એ પયગમ્બરની કબ્ર તરફ જોઈ અને એ જ વાત કહી જે જનાબે હારૂને જનાબે મૂસા (અલય્હિસ્સલામ)ને કહી હતી. જ્યારે બની ઈસરાઈલે જનાબે હારૂનને છોડી વાછરડાની પૂજા શરૂ કરી હતી. જનાબે હારૂને કહ્યું હતું :

قَالَ ابْنَ اُمَّ اِنَّ الْقَوْمَ اسْتَضْعَفُوْنِیْ وَكَادُوْا يَقْتُلُوْنَنِیْ

**"એ મારા ભાઈ ! કૌમે મને કમજોર બનાવી દીધો છે. નજદીક છે કે મને કત્લ કરી નાખે."**

**- સૂરએ આઅરાફ, આયત નં. ૧૫૦**

**તે પછી હ. ઉમરે હ. અબુબક્રને કહ્યું : 'ચાલો જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલયહા)ની પાસે જઈએ અને માફી માંગીએ. કારણ કે આપણે તેમને નારાજ કર્યા છે.' તે લોકો જનાબે ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલયહા)ના ઘરે ગયા. (દાખલ થવા માટે) રજા માંગી પરંતુ જનાબે ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલયહા) એ રજા ન આપી. તે લોકોએ હઝરત અલી (અલયહિસ્સલામ)ને વાસ્તો બનાવ્યા.**

રજા મળી, ઘરમાં દાખલ થયા. જ્યારે તે લોકો જનાબે ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલય્હા)ની પાસે આવ્યા. આપે પોતાનું મોઢું દીવાલ તરફ ફેરવી લીધું. તે લોકોએ સલામ કરી પણ જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) એ જવાબ ન આપ્યો. હ. અબુબક્રએ વાત શરૂ કરી:

'અય રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના પ્રિય પાત્ર ! ખુદાની કસમ ! રસૂલેખુદાના રિશ્તેદારોને પોતાના રિશ્તેદારો કરતાં વધારે ચાહું છું અને તમને આયશાથી વધારે ચાહું છું. કેવું સારૂં થાત ! જ્યારે તમારા વાલીદનો ઈન્તેકાલ થયો, ત્યારે જ હું મરી ગયો હોત, અને જીવતો ન રહ્યો હોત.'

આ સમયે જનાબે ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલય્હા) એ તે લોકોને ગવાહ બનાવી અને એક હદીસ જે હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો

અલય્હે વ આલેહી વસલ્લમ) એ જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ના હકમાં બયાન ફરમાવી હતી, તે યાદ અપાવી અને ફરમાવ્યું :

"તમને બંનેને ખુદાની કસમ આપું છું કે પયગમ્બરે ફરમાવ્યું હતું કે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ની ખુશી મારી ખુશી છે અને ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ની નારાજગી મારી નારાજગી છે. જે મારી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ને દોસ્ત રાખે છે, તે મને દોસ્ત રાખે છે. જેણે મારી ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ને ખુશ કરે, તેણે મને ખુશ કર્યો અને જેણે તેમને નારાજ કર્યા, તેણે મને નારાજ કર્યો."

તે લોકોએ કહ્યું : કેમ નહીં ! અમે રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)થી આ સાંભળ્યું છે.

(જનાબે ફાતેમા સલા.)એ ફરમાવ્યું : 'ખુદા અને તેનાં ફરિશ્તાઓને ગવાહ બનાવી કહું છું તમે લોકોએ મને નારાજ કરી છે, ખુશ નથી કરી. જ્યારે પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની મુલાકાત કરીશ ત્યારે તમારા બંનેની ફરિયાદ કરીશ.'

હ. અબુબક્ર એ કહ્યું : 'ખુદાના ગઝબ અને તમારા ગઝબથી ખુદાની પનાહ ચાહું છું.' તે પછી હ. અબુબક્ર ખુબ મોટેથી રડયા. આ સમયે જનાબે ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) ફરમાવતા હતા : 'ખુદાની કસમ ! દરેક નમાઝ પછી તમારા લોકો ઉપર લાનત કરીશ.'

હ. અબુબક્ર ખુબજ ગમગીન હાલતમાં બહાર આવ્યા. લોકોએ તેમને ઘેરી લીધા. તે લોકોથી કહેતા હતા : 'તમે લોકો તમારી પત્નીઓ પાસે આરામથી

રાત વિતાવો છો અને મને આવી હાલતમાં છોડી દીધો, મને તમારી બયઅતની જરૂરત નથી, તમે લોકો બયઅત તોડી નાખો.'

હ.અબુબક્રનું હ.ઉમરને મોકલવું- આગનું લાવવું - ધમકી આપવું - જનાબે ફાતેમા ઝેહરાના ઘરમાં આગ લગાવવું.. એહલે સુન્નતની બીજી કિતાબોમાં પણ મૌજૂદ છે જેમકે..

- 'તારીખે અબીલ ફદાઅ' ભાગ-૧, પેજ નં.-૧૫૬, મતબૂએ દારૂલ માઅરેફત બૈરૂત હિ.સ. ૧૪૦૪.
- 'અબ્દુલ ફરીદ' ભાગ-૫, પેજ નં.-૧૩, દારૂલ કુતુબુલ ઈલ્મીયા બૈરૂત હ. ઉમરનું હઝરત અલી (અલયહિસ્સલામ)નાઘરે જવું અને ઘર સળગાવવાની ધમકી આપવી.

- 'તારીખે તબરી' ભાગ-૨, પેજ નં.-૨૨૩, દારૂલ કુતુબુલ ઈલ્મીયા બૈરૂત હિ.સ. ૧૪૦૮.

# બીજું

અગાઉની વાતથી આ જણાય આવે છે કે, સીદ્દીકાએ કુબરા જનાબે ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલય્હા) એ હ. અબુબક્રની બયઅત નહોતી કરી. જ્યારે આપ આ દુનિયાથી ઈન્તેકાલ કરી ગયા, ત્યારે તે લોકોથી ખૂબજ નારાજ હતા.

શિઆ અને સુન્નીની ભરોસાપાત્ર રિવાયત પ્રમાણે કોઈ ઈન્સાન પોતાના સમયના ઈમામની માઅરેફત અને બયઅત વગર આ દુનિયાથી જાય તો તેની મૌત જાહેલીય્યતની મૌત છે. હદીસની કિતાબોમાં પયગમ્બર અકરમ (સલ્લલ્લાહો અલય્હે વ

**આલેહી વસલ્લમ)થી આ રિવાયત નકલ કરવામાં આવી છે.**

# مَنْ مَاتَ بِغَيْرِ اِمَامٍ مَاتَ مِيْتَةً جَاهِلِيَّةً

**જે કોઈ પોતાના જમાનાના ઈમામની માઅરેફત વગર મરી જાય, તેની મૌત જાહેલીય્યતની મૌત છે.**

- મુસ્નદે અબી દાઉદ, પેજ નં. ૩૫૯

- મુસ્નદે ઈમામે એહમદ, ભાગ-૪, પેજ-૯૬

# مَنْ مَاتَ وَلَيْسَ فِيْ عُنُقِهٖ بَيْعَةٌ مَاتَ مِيْتَةً جَاهِلِيَّةً

**જે કોઈ મરી જાય અને તેની ગરદન ઉપર કોઈની બયઅત ન હોય, તેનું મૌત જાહેલીય્યતનું મૌત છે.**

- સહીહ મુસ્લિમ, ભાગ-૪, પેજ-૧૩૬, મતબુએ મોઅસસએ ઈજ્જુદીન, હિ.સ.૧૪૦૭
- અસ્સોનને કુબરા, ભાગ-૮, પેજ-૧૫૬, મતબૂએ મજલીસે દાએરતૂલ મઆરીફૂન નિઝામીયહ, હૈદરાબાદ, હિ.સ. ૧૩૫૪

**مَنْ خَرَجَ مِنَ الطَّاعَةِ وَ فَارَقَ الْجَمَاعَةَ فَمَاتَ مِيْتَةً جَاهِلِيَّةً**

**જે કોઈ ઈતાઅતથી નીકળી જાય, જમાતથી અલગ થઈ જાય અને મરી જાય, તેનું મૌત જાહેલીય્યતનું મૌત છે.**

- સહીહ મુસ્લિમ, ભાગ-૪, પેજ-૧૨૪,
- અસ્સોનને કુબરા, ભાગ-૮, પેજ-૧૫૬

આ હદીસોથી આ વાત બિલકુલ રોશન થાય છે કે ઈમામની બયઅત, ઈમામની ઈતાઅત અને ફરમાંબરદારી જરૂરી છે. જો કોઈ તેનાં વગર મરી જાય તો તેની મૌત જાહેલીય્યતની મૌત છે.

આગળના પેજ ઉપર આ વાત એકદમ રોશન થઈ ગઈ કે જનાબે ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલયહા)એ હ. અબુબક્રની બયઅત કરી ન હતી અને બયઅત કર્યા વગર જ આ દુનિયાથી વિદાય થઈ ગયા હતા. તે જન્નતની તમામ ઔરતોના સરદાર છે. રસૂલેખુદા (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ)ના જીગરના ટુકડા માટે (ઉપરોકત હદીસ અને બયઅતના કરવાના પ્રસંગ ઉપર) ત્રણ સવાલ ઉત્પન્ન થાય છે.

(૧) જે રિવાયતોમાં માઅરેફતે ઈમામ, બયઅતે ઈમામ અને ઈતાઅતે ઈમામનો ઝિક્ર થયો છે તે રિવાયતો બરોબર નથી.

(૨) મઆઝલ્લાહ, મઆઝલ્લાહ ખાતુને જન્નત બલ્કે જન્નતની તમામ ઔરતોના સરદારની મૌત.... મઆઝલ્લાહ, મઆઝલ્લાહ જાહેલીય્યતની મૌત છે.

(૩) હ. અબુબક્રની ખિલાફત બરોબર ન હોય બલ્કે હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલય્હિસ્સલામ) બરહક ખલીફા હોય અને ફાતેમા (સલામુલ્લાહે અલય્હા) તેમની ઈમામતનો અકીદો રાખતા હોય.

એકદમ રોશન છે કે કોઈપણ મુસલમાન પહેલી બે બાબતોને કબૂલ નહીં કરે.

આ ત્રણેય બાબતો હઝરત અલી (અલય્હિસ્સલામ) બાબતે પણ આ જ રીતે લાગુ પડે

છે. રિવાયતોમા ઈમામની માઅરેફત વગરની મૌતને જાહેલીય્યતની મૌત બતાવવામાં આવી છે. જાહેર છે કે જેનું મૌત જાહેલીય્યતનું હોય તેની જિંદગી પણ જાહેલીય્યતની જ હશે. હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલય્હિસ્સલામ) હદીસે સકલૈનની રોશનીમાં કુરઆનની બરાબર છે અને આ રિવાયત પણ હઝરત અલી (અલય્હિસ્સલામ) બાબતે જ છે.

عَلِيٌّ مَعَ الْحَقِّ وَ الْحَقُّ مَعَ عَلِيٍّ وَ
لَنْ يَّفْتَرِقَا حَتّٰى يَرِدَا عَلَيَّ
الْحَوْضَ يَوْمَ الْقِيَامَةِ

"અલી (અલય્હિસ્સલામ) હકની સાથે છે,
અને હક અલી (અલય્હિસ્સલામ)ની સાથે છે.

બંને જુદા નહીં પડે જ્યાં સુધી કયામતને
દિવસે હવઝે કવસર ઉપર મારી મુલાકાત કરે."

- તારીખે બગદાદ, ભાગ-૧૪, પેજ-૩૨૨
મતબૂએ દારૂલ કીતાબુલ અરબી

عَلِيٌّ مَعَ الْقُرْآنِ وَالْقُرْآنُ
مَعَهُ لَا يَفْتَرِقَانِ حَتَّى يَرِدَا
عَلَيَّ الْحَوْضَ

"અલી (અલય્હિસ્સલામ) કુરઆનની સાથે છે,
અને કુરઆન અલી (અલય્હિસ્સલામ)ની સાથે છે.
બંને જુદા નહીં પડે જ્યાં સુધી કયામતને
દિવસે હવઝે કવસર ઉપર મારી મુલાકાત કરે."

- અસ્સવાએકુલ મોહરકા, પેજ-૧૨૩
મતબૂએ મકતબતુલ કાહિરા, હિ.સ.૧૩૮૫

# عَلِيٌّ مَعَ الْحَقِّ وَالْقُرْآنِ وَالْحَقُّ وَالْقُرْآنُ مَعَ عَلِيٍّ وَ لَنْ يَّفْتَرِقَا حَتّٰى يَرِدَا عَلَيَّ الْحَوْضَ

**"અલી (અલયહિસ્સલામ) હક અને કુરઆન સાથે છે, અને કુરઆન અલી (અલયહિસ્સલામ)ની સાથે છે. બંને જુદા નહીં પડે જ્યાં સુધી કયામતને દિવસે હવઝે કવસર ઉપર મારી મુલાકાત કરે."**

- રબીઉલ અબરાર, ભાગ-૧, પેજ-૮૨૮,

મતબૂએ અમીર કુમ, હિ.સ.૧૪૦૧

# عَلِيٌّ مِنِّي بِمَنْزِلَةِ رَاسِيْ مِنْ بَدَنِيْ

**"અલી (અલય્હિસ્સલામ)નો સંબંધ મારી સાથે એવી રીતે છે, જેવી રીતે શરીરનો સંબંધ માથા સાથે."**

- તારીખે બગદાદ, ભાગ-૭, પેજ-૧૨,
મતબૂએ દારૂલ કીતાબુલ અરબી બૈરૂત
- અસ્સવાએકુલ મોહરકા, પેજ-૭૫,
મતબૂએ મકતબતુલ કાહેરા, હિ.સ.૧૩૮૫

સહીહ બુખારીની રિવાયત પ્રમાણે હઝરત અલી (અલય્હિસ્સલામ)એ છ મહિના સુધી બયઅત કરી ન હતી તો મઆઝલ્લાહ, મઆઝલ્લાહ શું એમ વિચારી શકાય છે કે આ દરમિયાન હઝરત અલી (અલય્હિસ્સલામ) મઆઝલ્લાહ, મઆઝલ્લાહ જાહેલીય્યતની જિંદગી જીવતા હતા?

આ ઉપરાંત રિવાયતો સ્પષ્ટ બયાન કરે છે કે ઈમામ વગરની જિંદગી જાહેલીય્યતની જિંદગી છે. તો હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમ)ના ઈન્તેકાલ પછીથી લઈ હ. અબુબક્રની ખિલાફત કાયમ થયા સુધી (આ ટૂંકા સમયગાળા દરમિયાન) તમામ સહાબાની જિંદગી જાહેલીય્યતની જિંદગી જીવતા હતા?

શું બધી રિવાયતોથી આ વાત સાબિત નથી થતી. હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ પોતાની જિંદગીમાંજ હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલય્હિસ્સલામ)ની ખિલાફત અને જાનશીનીનું એલાન કરી દીધું હતું અને ખુદાના હુકમથી તેમની વિલાયત અને ખિલાફતનું એલાન પણ કરી ચૂક્યા હતા.

કેમકે આ જ એવી પરિસ્થિતિ છે જે તમામ ઉમ્મતને જાહેલીય્યતની મૌતથી બચાવી શકે છે.

જે ઈન્સાન જાહેલીય્યતની મૌતથી બચવા ચાહતો હોય તેને હઝરત અલી ઈબ્ને અબીતાલીબ

(અલયહિસ્સલામ)ની બિલાફસ્લ ખિલાફત અને ઈમામત કબૂલ કરવી જોઈએ.

વસ્સલામ......

**હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ) ફરમાવે છે:**

...إِنَّمَا فَاطِمَةُ اِبْنَتِي بَضْعَةٌ مِنِّي يُرِيبُنِي مَا أَرَابَهَا وَ يُؤْذِينِي مَا آذَاهَا.

"ખરેખર ફાતેમા (સલામુલ્લાહે અલયહા) મારી પુત્રી છે. મારા હૃદયનો ટુકડો છે. જે કોઈએ તેમનું દિલ દુભાવ્યું, (જાણે કે) તેણે મને

**નારાજ કર્યા અને જે કોઈએ તેમને ઈજા પહોંચાડી તેણે મને ઈજા પહોંચાડી.”**

- હીલ્યતુલ ઓલ્યા, ભાગ-૨, પેજ નં. ૪૦,
મતબૂએ દારૂલ ફિક્ર બૈરૂત

